(27) "નાટ્યકલા સમાજજીવનને પ્રતિબિંબત કરે છે" આ વિધાન સમજાવો.
(28) ગોવાના દેવળો વિશે માહિતી આપો.
(29) "ભારતે વિશ્વમાં વસુધૈવ કુટુમ્બકમની ભાવનાને સાકાર કરી છે." આ વિધાન સમજાવો.
(30) કારણ આપો : કાળી જમીનને 'કપાસની જમીન' પણ કહે છે.
(31) ભારતમાંથી લુપ્ત થઈ રહેલા વન્યજીવો વિશે માહિતી આપો.
(32) જળમાં વૃષ્ટિનું શું મહત્વ છે ?
(33) અબરખના ગુણધર્મો અને ઉપયોગો લખો.
(34) શણ ઉદ્યોગ વિશે નોંધ લખો.
(35) પર્યાવરણના અતિક્રમણને રોકવાના ઉપાયો જણાવો.
(36) ફુગાવાજન્ય ભાવ વધારો આર્થિક અને સામાજિક દૂષણ છે.
(37) કાચા માલની ઊંચી કિંમતે પ્રાપ્તિ એ ભાવવધારાનું કારણ બને છે ! વિધાન સમજાવો.

## વિભાગ - C

☞ નીચે આપેલા કુલ 9 પ્રશ્નોમાંથી કોઈપણ 6 પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો. (પ્રત્યેકના 3 ગુણ) (18)

(38) પ્રાચીન ભારતના એક નગર તરીકે ધોળાવીરાનો પરિચય આપો.
(39) ઉત્તર ગુજરાત સ્થિત મંદિર જેનું નકશીકામ ઈરાની શૈલીમાં થયું છે, તે મંદિરનો પરિચય આપો.
(40) સમાજવાદી પધ્ધતિના લક્ષણો તથા તેના ફાયદા જણાવો.
(41) નીચે આપેલા પારિભાષિક શબ્દો સમજાવો.
 (1) વિરલ સંસાધન
 (2) નિર્વનીકરણ
 (3) સ્થળાંતર ખેતી
(42) આતંકવાદ અને બળવાખોરી વચ્ચેનો તફાવત સમજાવો.
(43) 'મનરેગા' કાર્યક્રમની સ્પષ્ટતા કરો.
(44) ગ્રાહકોનું શોષણ કઈ કઈ રીતે થાય છે ?
(45) વિશ્વ વ્યાપાર સંગઠનની સ્થાપના વિશે માહિતી આપી તેના ધ્યેયો જણાવો.
(46) ભારતમાં સ્વાસ્થ્ય સુધારણા માટે થયેલી કામગીરી વર્ણવો.

## વિભાગ - D

☞ નીચે આપેલા 47 થી 54 પ્રશ્નોમાંથી કોઈપણ ચાર પ્રશ્નોના જવાબ લખો અને પ્રશ્ન 54 નકશો ફરજિયાત છે. (પ્રત્યેકના 4 ગુણ)(20)

(47) પ્રાચીન ભારતે રસાયણ વિદ્યામાં સાધેલી પ્રગતિનું વર્ણન કરો.
(48) તાજમહલ સ્થાપત્યકલાનો પરિચય આપો.
(49) વિશ્વબજાર અને ભારતની ખેતી વિશે નોંધ લખો.
(50) ગરીબી ઉદ્ભવવાના કારણો આપો.
(51) ગ્રાહકોના અધિકારોની વિગતવાર ચર્ચા કરો.
(52) ભ્રષ્ટાચાર નાથવાના સરકારી પ્રયાસો જણાવો.
(53) ભાવ નિયંત્રણ શા માટે જરૂરી બન્યું છે, વિધાન સમજાવો.
(54) ભારતના રેખાંકિત નકશામાં નીચેની વિગતો યોગ્ય સંજ્ઞાઓ વડે યોગ્ય સ્થાને દર્શાવો.
 (i) કંડલા બંદર
 (ii) જુવાર ઉત્પન્ન કરતો પ્રદેશ
 (iii) મુંબઈથી દિલ્હી રેલ્વે માર્ગ (અટક સ્થળ સાથે)
 (iv) પોલાદ ઉદ્યોગનું એક સ્થાન (નામ સાથે)

# PAPER-3

## વિભાગ - A

☞ નીચે આપેલ પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર લખો. (પ્રત્યેકના 1 ગુણ) (24)

☞ યોગ્ય જોડકાં જોડો.

| વિભાગ - A | વિભાગ - B |
|---|---|
| (1) રંગપુર | (A) મેઘી |
| (2) અકીકની માળા અને મણકા | (B) હાર્મિકા |
| (3) સ્તૂપની ચારેબાજુએ ઊંચા રચેલ ગોળાકાર રસ્તા | (C) ખંભાત |
| (4) ભૂમિ, જળ, ગોચર | (D) સુરેન્દ્રનગર જિલ્લો |
| (5) ઈ.સ. 1975 | (E) મહિલા વર્ષ |
| | (F) સામાન્ય સુલભ સંસાધનો |

☞ વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો.

(6) 1958 માં સંસદે "પ્રાચીન સ્મારકો, પુરાતત્વીય સ્થળો અને અવશેષોને લગતો કાયદો" પસાર કર્યો.
(7) લાલ પાંડા ભારતના પશ્ચિમ હિમાલયના શીતવનોમાં જોવા મળે છે.
(8) ભારત સરકારે 2011માં રાષ્ટ્રીય ધોરીમાર્ગના નંબરમાં પરિવર્તન કરેલ છે.
(9) 'ચંદ્રાયન' ગ્રંથ ફારસી ભાષાનો સૌથી જૂના ગ્રંથ મનાય છે.
(10) જીરૂ, વરિયાળી અને ઈસબગુલના ઉત્પાદનમાં વિશ્વમાં ગુજરાત પ્રથમ ક્રમે છે.

☞ એક-બે શબ્દોમાં જવાબ આપો.

(11) તાંબામાં શું ભેળવીને પીત્તળ બનાવી શકાય છે.
(12) પર્યાવરણની સુરક્ષા માટે સ્ટોકહોમમાં ક્યારે અને શેનું આયોજન થયું ?
(13) વિશ્વના દેશોના વ્યાપારી ઝઘડાનું નિવારણ કઈ સંસ્થા કરે છે ?
(14) કઈ સંસ્થા શિક્ષિત બેકારોની નોંધણી તેમજ કામની જગ્યા-પ્રકાર વિશે વિશ્વસનીય માહિતી આપે છે ?

☞ ખાલી જગ્યા પૂરો.

(15) ________ માં ધર્મ દ્વારા અનુમોદિત કર્તવ્યો, રિવાજો અને નિયમો આપવામાં આવ્યા છે ?
(સ્મૃતિ ગ્રંથો, બ્રાહ્મણ ગ્રંથો, આરણ્યકો)
(16) ભારતમાં લગભગ ________ % જળ સિંચાઈ માટે ઉપયોગી છે. (42, 84, 65)
(17) ________ એ ઉત્પાદનનું કુદરતી સાધન છે.
(મૂડી, જમીન, શ્રમ)
(18) એલિફન્ટાની ગુફાઓ મુંબઈથી ________ કીમી દૂર અરબસાગરમાં આવેલી છે. (14, 12, 16)
(19) ભારતના દરિયાકિનારા પર ________ મુખ્ય બંદરો આવેલા છે.
(13, 18, 20)

☞ **નીચેના પ્રશ્નો માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી લખો.**

(20) વૃષ્ટિ જળ સંચયના કેટલા ઉદ્દેશો આપેલ છે, જેમાંથી કોણ ખોટું છે તે જણાવો.
- (A) પીન્ટુ : જળ પ્રદૂષણ ઘટાડવું.
- (B) સીન્ટુ : ભૂમિગત જળની ગુણવત્તામાં ઘટાડો કરવો.
- (C) મોન્ટુ : પાણીની વધતી જતી માંગને પૂરી કરવી.
- (D) ગોન્ટુ : સપાટી પરથી વહી જતા જળ જથ્થો ઓછો કરવો.

(21) નીચે આપેલો લોગો કઈ સંસ્થાનો છે ?
- (A) ISI (B) BIS
- (C) FPO (D) ISO

(22) માનવ વિકાસ આંકમાં 188 દેશોમાંથી ઉચ્ચ માનવ વિકાસ આંક ધરાવતા કુલ કેટલા દેશો છે?
- (A) 49 (B) 38
- (C) 45 (D) 56

(23) ભ્રષ્ટાચાર સંબંધી ફરીયાદ કરવા માટેનો હેલ્પલાઈન ટોલ ફ્રી નંબર નીચેનામાંથી કયો છે ?
- (A) 1800-2334-4444 (B) 1800-233-022
- (C) 1800-2222-2323 (D) 1800-233-0111

(24) નીચેનામાંથી કયા શહેરમાં મેટ્રોરેલ સેવા જોવા મળે છે?
- (A) જયપુર (B) વારાણસી
- (C) હૈદરાબાદ (D) બેંગાલુરુ

## વિભાગ - B

☞ **નીચે આપેલા કુલ 13 પ્રશ્નોમાંથી કોઈપણ 9 પ્રશ્નોના જવાબ લખો. (પ્રત્યેકના 2 ગુણ)** (18)

(25) "દ્રવિડોએ ભારતીય સંસ્કૃતિના વિકાસમાં મહત્વનો ફાળો આપેલ છે." - વિધાન સમજાવો.

(26) વારસો એટલે શું ?

(27) "માનવજીવનનો સંબંધ શરૂઆતથી જ વૃક્ષ અને વનરાજી સાથે જોડાયેલો છે" વિધાન સમજાવો.

(28) સાંસ્કૃતિક વારસાના ભાગરૂપે ભારતના જે સ્મારકને રૂપિયા 100 ની નવી ચલણ નોટમાં ચિત્રરૂપે સ્થાન મળેલ છે તેનો પરિચય આપો.

(29) આપણા વારસાને લોકો કઈ કઈ રીતે નુકસાન પહોંચાડે છે.

(30) જમીન ધોવાણ અટકાવવાના ઉપાયો.

(31) વહીવટી દૃષ્ટિએ જંગલોના પ્રકાર જણાવી, તેનું વર્ણન કરો.

(32) 'જળ પ્લાવિત ક્ષેત્ર' વિકાસ માટે કયા કયા કાર્યક્રમો હાથ ધરવા જોઈએ.

(33) બાયોગેસ વિશે ટૂંકનોંધ લખો.

(34) ઔદ્યોગિક પ્રદૂષણો વિશે માહિતી આપો.

(35) ભારતના રસાયણ ઉદ્યોગો વિશે માહિતી આપો.

(36) સંગ્રહખોરી ભાવ વૃદ્ધિનું કારણ અને અસર પણ છે.

(37) પારિભાષિક શબ્દો સમજાવો : (૧) ફુગાવો (૨) સબસિડી

## વિભાગ - C

☞ **નીચે આપેલા કુલ 9 પ્રશ્નોમાંથી કોઈપણ 6 પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો. (પ્રત્યેકના 3 ગુણ)** (18)

(38) મોહે-જો-દડોના મકાનમાં કઈ-કઈ વિશેષતાઓ હતી ?

(39) વન્યજીવ વિનાશનાકારણો જણાવો.

(40) આર્થિક વૃદ્ધિ અને આર્થિક વિકાસ વચ્ચેનો તફાવત લખો.

(41) નીચે આપેલ પારિભાષિક શબ્દો સમજાવો.
- (1) રાષ્ટ્રીય સંસાધન
- (2) અક્ષત વનસ્પતિ
- (3) આર્દ્ર ખેતી

(42) પ્રાચીન યુગના તમિલ સાહિત્યનો પરિચય આપો.

(43) આતંકવાદની સામાજિક અસરો જણાવો.

(44) સ્થિરતા સાથેનો ભાવવધારો દેશના આર્થિક વિકાસની પૂર્વ શરત છે- કારણ આપો.

(45) આર્થિક ઉદારીકરણનો અર્થ આપી તેના લાભો જણાવો.

(46) માનવવિકાસને માનવજીવનની કઈ કઈ બાબતો સાથે સંબંધ છે ?

## વિભાગ - D

☞ **નીચે આપેલા 47 થી 54 પ્રશ્નોમાંથી કોઈપણ ચાર પ્રશ્નોના જવાબ લખો અને પ્રશ્ન 54 નકશો ફરજિયાત છે. (પ્રત્યેકના 4 ગુણ) (20)**

(47) વૈદક શાસ્ત્ર અને શૈલ્ય ચિકિત્સાના ક્ષેત્રે ભારતનું મહત્વનું યોગદાન જણાવો.

(48) દર વર્ષે કયા સ્થાપત્ય પર રાષ્ટ્રીય તહેવાર નિમિત્તે ધ્વજવંદન થાય છે તે વિગતવાર ખ્યાલ આપો.

(49) હરિયાળી ક્રાંતિ વિશે ચર્ચો.

(50) ગરીબી એટલે શું ? ગરીબી રેખા હેઠળ જીવતા લોકોના લક્ષણો જણાવો.

(51) ભાવવૃદ્ધિના કારણોની ચર્ચા કરો. (કોઈપણ ચાર)

(52) રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદાની જોગવાઈ જણાવો.

(53) ગરીબી ઘટાડવા માટેની વ્યૂહરચનાઓ જણાવો.

(54) ભારતના રેખાંકિત નકશામાં નીચેની વિગતો યોગ્ય સંજ્ઞાઓ વડે યોગ્ય સ્થાને દર્શાવો.
- (1) કાઝીરંગા રાષ્ટ્રીય ઉદ્યાન
- (2) તાંબા ઉત્પન્ન કરતો દેશ
- (3) ઈલેક્ટ્રોનિક ઉદ્યોગનું કેન્દ્ર (નામ સાથે)
- (4) રાષ્ટ્રીય જળમાર્ગ-2

# PAPER-4

## વિભાગ - A

☞ **નીચે આપેલ પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર લખો. (પ્રત્યેકના 1 ગુણ) (24)**

☞ **યોગ્ય જોડકાં જોડો.**

| વિભાગ - A | વિભાગ - B |
|---|---|
| (1) રોઝડી | (A) લોથલનો કારીગરો |
| (2) તાંબા અને કાંસાના ઓજારો | (B) ગલિયારા |